# અંકલેશ્વરના બીજા એડી. જયુ.મેજી.ફ. કલાસ, સાહેબ ની કોર્ટમાં,અંકલેશ્વર

ક્રિ.કેસ.રે.નં 3563/2022

**ફરિયાદ- શ્રી સરકાર**

**આરોપી- દિલીપજે સિંહ પાલ ઉમર ૧૯**
**રહે – રેલ્વે સ્ટેશન પાસે વસઇ**
**ગુનો – રેલ્વે એકટ ૧૪૪(૧) ૧૪૫(બી) મુજબ**

ગુનાની હકીકતો વાંચી સંભળાવી તેમજ સદરહુ ગુનાની સંભવિત સજાની જે અધિનિયમ મુજબ જોગવાઇ છે, તેની આરોપીને સમજ આપી ત્યા રબાદ આરોપીને પૂછતાં આરોપી ગુનાની કબૂલાત સ્વેચ્છાએ કરવા માંગે છે તેમ જણાવી ગુનો કબૂલ કરેલ છે.

આરોપીને સાંભળ્યા આરોપીનો જે આક્ષેપ/તહોમત છે તે પ્રથમ ગુનો હોય તેમજ આરોપી સામાજિક પરિસ્થિતિ તથા તેની કૌટુંબિક જવાબદારી તથા આરોપી સામેનો જે આક્ષેપ છે તેની સંભવિત સજા/દંડ ની જોગવાઈ ને લક્ષમાં રાખતાં તથા સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ નટવર હરચંદ ઠાકોર (ક્રિમિનલ અપીલ નંબર 477/2002 વિગેરે) ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતને લક્ષ્યમાં લેતાં, પુરતા કારણો જણાય તો અદાલત ન્યુનતમ સજા નિયત કરેલી હોવા છતાંય, ન્યૂનતમ સજા કરતા પણ ઓછી સજા કરી શકે છે. જેથી આરોપીને લાંબા સમયની કેદની સજા કરવાને બદલે હળવી સજા કરવાને પાત્ર હાથ ઉપર નો કેસ હોય, આરોપીને કોર્ટ ઉઠતાં સુધીની સજા અને દંડ કરવાનો અભિગમ અપનાવવામાં આવે તો તે ન્યાયોચિત ગણાશે, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

આરોપીને ઈ.રેલવે એક્ટ કલમ **૧૪૪ (૧) ૧૪૫(બી)** મુજબ અન્વયે તકસીરવાર ઠરાવી, કુલ દંડ રુ ૧૦૦/-(અંકે રૂપિયા એકસો પુરા) કરવામાં આવે છે. આરોપી દંડ ન ભરે તો દિન ૦૧ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે .

તા-૧૯.૧૨.૨૦૨૨

અંકલેશ્વર

( કે. એલ. નાડીયા )
બીજા એડી.જયુ.મેજી.ફ.કલાસ